**વિધ્યાસહાયક યોજના, પસંદગીના ધોરણ બાબત,**
**"તાલિમી સ્નાતક"ની જોગવાઈ રદ કરવા અંગે.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૦૯૬-૩૦૫૦-ક
સચિવાલય ગાંધીનગર
તા.૧-૮-૨૦૦૦

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનો તા. ૧-૧૨-૯૭ નો ઠ.ક્ર. ખપશ-૧૨૯૭-૨૬૯-ચ
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮ નો ઠ. ક્ર. પીઆરઈ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭-(૯૮)-ક
(૩) નામ.હાઈકોર્ટનો તા.૧૩-૮-૯૮નો ચૂકાદો સ્પે. સી. એ. નં-૫૨૧૮-૯૮
(૪) શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૯૮ નો ઠ.ક્ર. પીઆરઈ-૧૩૯૮-સીસી-૨૯૪-ક
(૫) શિક્ષણ વિભાગનો તા. ૧-૭-૯૮ નો ઠ.ક્ર. ખપશ-૧૨૯૭-૨૬૯-ચ
(૬) શિક્ષણ વિભાગનો તા. ૨૧-૬-૨૦૦૦ નો ઠ.ક્ર. પીઆરઈ-૧૦૯૬-૩૦૫૦-ક
(૭) નામ હાઈકોર્ટનો તા.૨૦-૬-૨૦૦૦નો ચૂકાદો સ્પે. સી. એ. નં-૪૦૦૫-૮૭

**ઠ રા વ :**

૧,સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી બી. એડ. થયેલ ઉમેદવારોને પ્રાથમિક શાળા માટે નામ. વડી અદાલતના ખાસ દિવાની અરજી ક્રમાંક ૨૯૦૩-૮૮ ના ચૂકાદાને અનુલક્ષીને તાલિમી તરીકે ગણવામાં આવેલા છે. સંદર્ભ(૨) અને (૬)ના ઠરાવોથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિકશાળામાં વિધાસહાયકોની પસંદગીના ધોરણ નક્કી કરવામાં આવેલા છે.

૨,સંદર્ભ-૭ થી ખાસ દિવાની અરજીક્રમાંક ૪૦૦૫-૧૯૮૭ હેઠળ નામ.વડી અદાલતે તા. ૨૦-૬-૨૦૦૦ ના ચૂકાદાથી, ૧૯૮૪(૧) જીએલઆર-૬૫૧ અને ખાસ દિવાની અરજી ક્રમાંક ૨૯૦૩-૮૮ હેઠળ તા૬-૨-૯૬થી આપેલ ચૂકાદાઓ રદ કર્યા છે. આ ચૂકાદાના પરિપ્રેક્ષ્યમાં સંદર્ભ(૧),(૨) અને (૬) હેઠળના ઠરાવોથી પ્રાથમિક શાળાઓમાં વિધાસહાયકની ભરતી માટેના ઉમેદવારોની નકકી કરેલ લાયકાતો પૈકી "તાલિમી સ્નાતક"ની લાયકાત રદ કરવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

(૧) શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) માં જણાવેલ તા. ૧-૧૨-૯૭ ના ઠરાવના ફકરા (૩) (૩) હેઠળ નિયત થયેલ "ગ્રેજયુએટ, બી. એડ. "ની લાયકાત રદ કરવામાં આવે છે.

(૨) શિક્ષણ વિભાગના સંદર્ભ (૬) માં જણાવેલ તા. ૨૧-૬-૨૦૦૦ ના ઠરાવના ફકરા-૧ માં દર્શાવ્યા મુજબ સંદર્ભ (૨)ના ફકરા ૪(ખ)(૨) હેઠળ નિયત થયેલ "તાલીમી સ્નાતક"ની લાયકાત આથી રદ કરવામાં આવે છે.

૩,આ જોગવાઈઓનો અમલ ઠરાવ રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. કે. ભાવસાર )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી શિક્ષણ અને રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર.
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
સર્વે. શાસનાધિકારીશ્રી, નગર પંચાયત મહાનગર પાલિકા, નગર પાલિકા.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
શિક્ષણ વિભાગની સર્વ શાખા / સિલેકટ ફાઈલ.